દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ
બુધવાર ૨ એપ્રિલ, ૨૦૨૫

ટ્રમ્પ વિસ્તૃત પ્રવાસ નિયંત્રણો અમલમાં મૂકશે?

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ફરી એકવાર દુનિયાના અનેક દેશો પર અમેરિકાના પ્રવાસ માટેના નિયંત્રણો લાદવાની તૈયારી કરી રહ્યા છે. તેમના આ વખતના નિયંત્રણો તેમની પહેલી ટર્મ દરમ્યાન લાદવામાં આવેલા નિયંત્રણો કરતા વધુ વિશાળ સ્તરના હશે એમ જણાય છે. આ વખતે જેમના પર પ્રવાસ નિયંત્રણો લાદવાના છે તે દેશોને ત્રણ કેટેગરીમાં વહેંચવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. જેમાં સંપૂર્ણ વિઝા પ્રતિબંધવાળા દેશો, આંશિક વિઝા નિયંત્રણવાળા દેશો અને ત્રીજી યાદીમાં એવા બાવીસ દેશો છે કે જેમની સરકારોને અમુક ઉણપો ૬૦ દિવસની સમયમર્યાદામાં દૂર કરવાનું જણાવાશે અને જો તેમ નહીં થાય તો આ દેશો પર પ્રવાસ નિયંત્રણો ચાલુ રહી શકે છે.

આ નવા આદેશમાં રશિયાના સાથી દેશો પર સખત નિયંત્રણો આવી શકે છે એમ ન્યૂયોર્ક ટાઇમ્સે અહેવાલ આપ્યો છે. મેમો દર્શાવે છે કે જેમના પર નિયંત્રણો લાદવાના છે તે દેશોને ત્રણ કેટેગરીઓમાં વહેંચવામાં આવ્યા છે જેમાં ફૂલ વિઝા સસ્પેન્શન અને આંશિક વિઝા સસ્પેન્શનનો સમાવેશ થાય છે. પહેલા જૂથમાં ૧૧ દેશો એવા છે કે જેમના નાગરિકોને અમેરિકાનો પ્રવાસ કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ આવી શકે છે. આ દેશોમાં મધ્યપૂર્વ અને આફ્રિકાના કેટલાક દેશો, અફઘાનિસ્તાન, ક્યુબા, ઇરાન અને ઉત્તર કોરિયાનો સમાવેશ થાય છે. બીજા જૂથમાં ૧૦ દેશોનો સમાવેશ થાય છે જેમના પર આંશિક વિઝા પ્રતિબંધો આવશે. આ પ્રતિબંધોને કારણે આ દેશોના ટુરિસ્ટ, સ્ટુડન્ટ વિઝા અને અન્ય ઇમિગ્રન્ટ વિઝાને અસર થઇ શકે છે. આ બીજા જૂથના દેશોમાં પાકિસ્તાન અને મ્યાનમારનો સમાવેશ થઇ શકે છે. સંપૂર્ણ વિઝા પ્રતિબંધવાળા દેશોમાં અફઘાનિસ્તાન, ભૂટાન, ક્યુબા, ઈરાન, લિબિયા, ઉત્તર કોરિયા, સોમાલિયા, સુદાન, સીરિયા, વેનેઝુએલા અને યમનનો સમાવેશ થઇ શકે છે. આંશિક વિઝા નિયંત્રણવાળા દેશોમાં બેલારુસ એરિટ્રિયા હૈતી લાઓસ મ્યાનમાર પાકિસ્તાન રશિયા સીએરા લિયોન દક્ષિણ સુદાન અને તુર્કમેનિસ્તાનનો સમાવેશ થઇ શકે છે.

આ ઉપરાંત ત્રીજી યાદીમાં એવા બાવીસ દેશો છે કે જેમની સરકારોને અમુક ઉણપો ૬૦ દિવસની સમયમર્યાદામાં દૂર કરવાનું જણાવાશે અને જો તેમ નહીં થાય તો આ દેશો પર પ્રવાસ નિયંત્રણો ચાલુ રહી શકે છે. આ દેશોમાં મોટા ભાગે ડોઆફ્રિકા ખંડના અને પેસેફિક વિસ્તારના વિવિધ નાના દેશોનો સમાવેશ થાય છે. ટીકાકારો આ યાદીમાં કેટલાક દેશોના સમાવેશ બદલ ટ્રમ્પ પ્રશાસનની ટીકા પણ કરી રહ્યા છે. ખાસ કરીને ભૂતાન જેવા દેશનો સમાવેશ સંપૂર્ણ પ્રતિબંધની યાદીમાં કરાયો તે માટે કોઇ નક્કર કારણ નથી. એ પણ ઉલ્લેખનીય છે કે ટ્રમ્પની પહેલી ટર્મ વખતના નિયંત્રણોને મોટે ભાગે મુસ્લિમ દેશો પરના પ્રતિબંધો તરીકે જોવામાં આવતા હતા, આ વખતે પ્રતિબંધોની યાદીમાં ખ્રિસ્તી અને બૌદ્ધ દેશોનું પ્રમાણ મોટું છે. અધિકારીઓએ એમ પણ જણાવ્યું છે કે આ યાદીઓ છેવટની નથી અને તેમાં હજી ફેરફાર થઇ શકે છે. વિદેશ મંત્રી માર્ક રૂબિયો સહિતના પ્રશાસને હજી આ યાદીને મંજૂરી આપી નથી. આ અહેવાલ પ્રગટ થયાને સારા એવા દિવસો પસાર થયા છે પરંતુ હજી સુધી તો ટ્રમ્પે પ્રવાસ નિયંત્રણો જાહેર કર્યા નથી પરંતુ વહેલા, મોડા તેઓ અમુક પ્રવાસ નિયંત્રણો તો જરૂર લાગુ કરશે એમ તેમની પ્રકૃતિ જોતા લાગે છે.

જો કે છેલ્લા અહેવાલ મુજબ ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા એવા વિદેશી નાગરિકોના યુનાઇટેડ સ્ટેટ્સમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાની યોજના અનિશ્ચિત સમય માટે મુલતવી રાખવામાં આવી છે જેમના દેશો તેના ચકાસણી ધોરણોને પૂર્ણ કરતા નથી, કોઈ નવી તારીખ નક્કી કર્યા વિના હાલ આ યોજના મુલતવી રાખવામાં આવી છે. સ્ટેટ ડિપાર્ટમેન્ટે સોમવારે જણાવ્યું હતું કે તે એક રિપોર્ટ પર કામ કરવાનું ચાલુ રાખી રહ્યું છે જે અપેક્ષિત વિઝા પ્રતિબંધો માટે આધાર તરીકે કામ કરશે પરંતુ તે ક્યારે તૈયાર થશે તે કહી શક્યું નથી. ડોનાલ્ડ ટ્રમ્પે તેમના કાર્યકાળના પહેલા દિવસે એક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા હતા જેમાં 21 માર્ચ સુધીમાં ક્યા દેશોમાં ક્યા નવા વિઝા પ્રતિબંધો લાગુ કરવા જોઇએ તે અંગે ભલામણો માંગવામાં આવી હતી. પરંતુ સત્તાવાર યાદી સબમિટ કરવાની નિયત તારીખ વ્હાઇટ હાઉસ તરફથી જાહેરાત કર્યા વિના આવી અને જતી રહી, અને રાજ્ય વિભાગના ટોચના પ્રવક્તાએ જાહેર કર્યું કે આ સમયમર્યાદા હવે અમલમાં નથી. વિદેશ વિભાગના પ્રવક્તા ટેમી બ્રુસે સોમવારે એક બ્રીફિંગમાં જણાવ્યું હતું કે ભલામણો માટે નવી તારીખ નક્કી કરવામાં આવી નથી.

ટ્રમ્પ માટે નવો મુસાફરી પ્રતિબંધ લાગુ કરવા અને પસંદગીના દેશોના વિદેશી નાગરિકો પર વિઝા પ્રતિબંધો લાદવા માટે પાયો નાખનાર અહેવાલને વહીવટીતંત્રે શા માટે મુલતવી રાખ્યો તે તાત્કાલિક સ્પષ્ટ થયું નથી. "હું તેની અંગે વાત કરી શકતી નથી. પરંતુ હું તમને કહી શકું છું કે અમે એક્ઝિક્યુટિવ ઓર્ડર દ્વારા માંગવામાં આવેલા આદેશ પર કામ કરી રહ્યા છીએ," બ્રુસે કહ્યું, તેમને "અન્ય દેશો પર પ્રતિબંધો" તરીકે વર્ણવતા કહ્યું કે "તેઓ યુનાઇટેડ સ્ટેટ્સમાં પ્રવેશ માટે જરૂરી સુરક્ષા અને ચકાસણીના ધોરણોને પૂર્ણ કરે છે કે નહીં" મુસાફરી પ્રતિબંધને બદલે તે ચકાસશે. નવી તારીખ નક્કી કરવામાં આવી છે કે કેમ તે સ્પષ્ટ કરવા માટે પૂછવામાં આવતા, તેણીએ "ના" કહ્યું, અને ઉમેર્યું, "ફરીથી, કારણ કે કોઈ તારીખ નથી, તેનો અર્થ એ નથી કે તેના પર કામ થઈ રહ્યું નથી. અને તેથી અમે બધા પ્રમુખ ટ્રમ્પે જે આદેશ આપ્યો છે તેનો અમલ કરવા માટે કામ કરી રહ્યા છીએ." એટલે આ પ્રતિબંધ વહેલા મોડા લાગુ પડી શકે છે.

મૂર્ખ મુનીમ

એક શેઠનો મોટો વેપાર હતો.શેઠની વેપારની બાગડોર તેમના વિશ્વાસુ મુનીમ સંભાળતા હતા.અચાનક વિશ્વાસુ મુનીમનો અકસ્માત થયો અને તેમનું મૃત્યુ થઇ ગયું.શેઠને દુઃખ થયું અને સાથે સાથે શેઠની વેપારની વ્યવસ્થા પણ ગરબડ થઇ ગઈ.શેઠ વેપાર માટે બહારગામ જતા ત્યારે મુનીમજી બધું સંભાળી લેતા પણ હવે કોણ એ કામ કરશે? આ પ્રશ્ન ઊભો થયો અને વેપાર માટે શેઠે બહારગામ જવું જ પડતું.

મુનીમજીના મૃત્યુ બાદ શેઠ થોડો સમય બહારગામ ન ગયા પણ હવે આગળ શું કરવું? વેપારના કામ માટે બહારગામ જવું જ પડે તેમ હતું.શેઠે મુનીમજીના સ્થાને જે નવા યુવાન મુનીમને રાખ્યો

હતો જે હજી વેપારનું કામકાજ શીખી રહ્યો હતો. બરાબર જાણકાર ન હતો તેને બોલાવ્યો અને કહ્યું, ' જો મારે વેપાર માટે ૧૫ દિવસ બહારગામ જવું જ પડે તેમ છે.જરૂરી સૂચનાઓ મેં ચોપડામાં લખી છે અને હું રોજ ટપાલ લખતો રહીશ. મારી ટપાલને ખૂબ જ મહત્ત્વની માનજો.' શેઠ બહારગામ ગયા અને રોજ વેપારમાં કેટલા સોદા, કઈ રીતે,કોની સાથે કરવા એની સૂચનાઓ રોજ શેઠ ટપાલમાં લખીને મોકલતા રહ્યા.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

૧૫ દિવસ પછી પાછા આવીને શેઠે નવા મુનીમને બોલાવીને પૂછ્યું, 'મારી સૂચનાઓ અને ટપાલની નોંધ પ્રમાણે જ ધંધો કર્યો છે ને?' નવા મુનીમે કહ્યું, 'શેઠજી આપે જણાવ્યું હતું કે મારી ટપાલને ખૂબ જ મહત્ત્વની માનજો એટલે મેં તેને ભગવાન જેટલું માન આપ્યું છે.તમારી બધી ટપાલ મેં જાળવીને મસ્તકે લગાડી તમે સૂચના લખેલા ચોપડામાં અકબંધ સાચવી છે અને ચોપડાને મંદિરમાં મૂકી રોજ ધૂપ દીપ કર્યા છે.'

શેઠ બોલ્યા, 'ભલા માણસ, તું ભોળો છે કે મૂર્ખ.ટપાલને મહત્ત્વ આપવું એટલે તેની પૂજા કરવી નહિ.તેમાં લખેલી સૂચનાઓ અને નોંધનું પાલન કરવું થાય અને તેં તો બધી ટપાલને અકબંધ જાળવી છે એટલે વાંચી જ નથી તો પછી તેમાં લખેલી સૂચનાઓ અમલમાં ક્યાંથી મૂકી હશે? જાવ ચોપડો લઇ આવો. મારે જ જોવું પડશે કે કેટલો વેપાર કઈ રીતે થયો છે.'

આ છે હાસ્યયુક્ત પ્રસંગ પણ એક સમજબારી ખોલે છે કે ક્યાંક આપણે પણ આવા મૂર્ખ મુનીમ તો નથી ને.ભગવાન કૃષ્ણે પોતે ગીતામાં અને અનેક જ્ઞાની ધ્યાની ઋષિમુનિઓએ આપના શાસ્ત્ર અને ધર્મપુસ્તકોમાં જીવન જીવવાની રીતો સમજાવી છે.શું આપણે ધાર્મિક પુસ્તકને માત્ર રેશમી કપડામાં લપેટીને અકબંધ જાળવીએ છીએ.ધૂપ દીપ કરીએ છીએ.ફૂલ ધરાવીએ છીએ કે પછી તેની અંદર રહેલું જ્ઞાન વાંચીને સમજીને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરીએ છીએ.જો એમ નહિ કરીએ તો આપણે પણ નવા મુનીમ જેવા મૂર્ખ સાબિત થઈશું.

શું નવું વકફ બિલ મુસ્લિમો વિરુદ્ધ છે?

નવો કાયદો એ પણ સુનિશ્ચિત કરશે કે, વકફ મિલકતોની પર્યાપ્ત ક્ષમતાનો ઉપયોગ થાય, જેનાથી ગરીબો અને મહિલાઓને નોંધપાત્ર ફાયદો થાય

અમુક મુસ્લિમ સંસ્થાઓ અને કહેવાતી સેક્યુલર પાર્ટીઓ સંસદમાં વકફ સુધારા બિલનો વિરોધ કેમ કરી રહ્યા છે? વિપક્ષના આરોપ મુજબ શું મોદી સરકાર મુસ્લિમો પાસેથી મસ્જિદો છીનવી લેવાની યોજના બનાવી રહી છે? ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ એ દેશવ્યાપી વિરોધ શરૂ કર્યો છે અને કહ્યું છે કે નવો કાયદો મુસ્લિમો વિરુદ્ધ છે. વિપક્ષ શાસિત રાજ્યો, જેમ કે તમિલનાડુ, તેલંગાણા, કર્ણાટક, કેરળ અને પશ્ચિમ બંગાળે બિલ વિરુદ્ધ ઠરાવો પસાર કર્યા છે, જ્યારે સંસદમાં વિરોધ પક્ષો તેની વિરુદ્ધ એક થયા છે. એઆઈએમઆઈએમ નેતા અસદુઉદ્દીન ઓવૈસી તો એમ પણ કહી રહ્યા છે કે, જો જનતા દળ (યુનાઈટેડ), તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી), ચિરાગ પાસવાન અને જયંત ચૌધરી જેવા એનડીએના સાથી પક્ષો તેને સમર્થન આપશે તો મુસ્લિમો તેમને ક્યારેય માફ નહીં કરે. સુરક્ષા એજન્સીઓએ કેન્દ્રને ચેતવણી આપી છે કે, નાગરિકતા (સુધારા) કાયદાના પાયા પર વિરોધનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

તો સત્ય શું છે? લગભગ છ મહિના પછી સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી) એ બિલ પર 944 પાનાંનો અહેવાલ રજૂ કર્યો, જેમાં વિરોધ પક્ષોની અસંમતિનાં 300 પાનાંનો સમાવેશ થાય છે. ઉપરાંત, આગામી બિહાર વિધાનસભાની ચૂંટણીઓને કારણે કેટલાક લોકો આશ્ચર્ય પામી રહ્યા છે કે શું મોદી સરકાર વર્તમાન બજેટ સત્રમાં બિલ લાવશે અને પસાર કરશે કે તેને હાલ પૂરતું મુલતવી રાખશે? ગૃહમંત્રી અમિત શાહે જાહેરાત કરી છે કે, સરકાર બધા મુસ્લિમોના હિત માટે નવો વકફ કાયદો લાવશે.

સૌ પ્રથમ, વકફ શું છે? તે ધાર્મિક, પવિત્ર અથવા ધર્માર્થ હેતુઓ માટે જંગમ અથવા સ્થાવર મિલકતનું કાયમી સમર્પણ છે. વકફ મિલકતોનું સંચાલન 1995ના વકફ કાયદા દ્વારા સંચાલિત થાય છે અને રાજ્ય વકફ બોર્ડ અને કેન્દ્રીય વકફ કાઉન્સિલ દ્વારા તેનું નિરીક્ષણ કરવામાં આવે છે. દેશમાં 37.39 લાખ એકરમાં ફેલાયેલી 8.72 લાખ રજિસ્ટર્ડ વકફ મિલકતો છે. જોકે, ફક્ત 1,088 મિલકતોએ વકફ ડીડ રજિસ્ટર કરાવ્યા છે અને અન્ય 9,279 મિલકતો પાસે દસ્તાવેજો સ્થાપિત કરવા માટે માલિકી અધિકારો છે. વકફ સાથે હાલની સમસ્યાઓ શું છે? ચાલો જોઈએ. વકફ મિલકતો સમુદાયના કલ્યાણ માટે શિક્ષણ, સ્વાસ્થ્ય, સેવા અથવા ધાર્મિક હેતુઓ માટે છે. જોકે, જમીન હડપ કરવા, કપટપૂર્ણ દાવાઓ અને રાજકીય રીતે જોડાયેલા મુસ્લિમ વ્યક્તિઓ દ્વારા દુરુપયોગના કિસ્સાઓ સામે આવ્યા છે. આનાથી સામાન્ય ગરીબ મુસ્લિમો, ખાસ કરીને મહિલાઓમાં ચિંતા વધી છે. આ મિલકતોનો ઉપયોગ ઘણીવાર ગરીબોની સેવા કરવાને બદલે ખાનગી લાભ માટે કરવામાં આવ્યો છે. જોકે, વકફમાં ઘણી વખત સુધારા કરવામાં આવ્યા હોવા છતાં તે સામાન્ય મુસ્લિમોની ચિંતાઓને દૂર કરવામાં નિષ્ફળ ગયા છે. નવું વકફ સુધારો 2024 બિલ એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરે છે કે, વકફ મિલકતોનું રક્ષણ થાય અને યોગ્ય રીતે ઉપયોગ થાય. સરકારનું કહેવું છે કે, વકફ મિલકતો પર ગેરવહીવટ, ભ્રષ્ટાચાર અને અતિક્રમણના લાંબા સમયથી ચાલતા મુદ્દાઓને ઉકેલવા માટે આ એક મહત્ત્વપૂર્ણ કાયદાકીય પગલું છે. પ્રસ્તાવિત સુધારાઓ પારદર્શિતા વધારવા, કાનૂની માલિકી સુનિશ્ચિત કરવા અને વકફ બોર્ડમાં જવાબદારી અને શાસન માટે એક મજબૂત પદ્ધતિ સ્થાપિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. વકફ મિલકત વ્યવસ્થાપનમાં મુખ્ય ચિંતાઓમાંની એક યોગ્ય ઓળખ અને ડિજિટલાઈઝેશનનો અભાવ રહી છે. વર્તમાનમાં સમાવેશકતાનો અભાવ છે, જેમાં હાંસિયામાં ધકેલાઈ ગયેલા મુસ્લિમ સમુદાયો જેમ કે આઘાખાની, વ્હોરા, પછાત મુસ્લિમો, મહિલાઓ તેમજ બિન-મુસ્લિમોનું ખૂબ ઓછું પ્રતિનિધિત્વ મળે છે. આવું ત્યારે છે જ્યારે વિવિધ મુસ્લિમ સંપ્રદાયો વકફ મિલકતોને દાન કરે છે. ત્યારે સવાલ એ ઊભો થાય છે કે, શું વકફ વંચિત સમુદાયો અને ગરીબોના કલ્યાણ અને ઉત્થાન માટે કામ કરી રહ્યું છે, જેઓને તેના લાભોથી બાકાત રાખવામાં આવ્યા છે અને નિર્ણય લેવાથી બાકાત રાખવામાં આવ્યા છે. મહિલાઓ, પસમાંદા સમુદાય અને બિન-મુસ્લિમોને સંપૂર્ણપણે વકફ શાસનમાંથી બાકાત રાખવામાં આવ્યા છે. બીજી એક મોટી ખામી એ છે કે, વકફ કાયદાની કલમ 40 એ વકફ બોર્ડને તેના દ્વારા એકત્રિત કરવામાં આવેલી માહિતીના આધારે કોઈપણ મિલકતને વકફ તરીકે ઘોષિત કરવાની મંજૂરી આપે છે. આનાથી મોટા વિવાદો પેદા થયા છે. કારણ કે, કોઈ પણ વ્યક્તિ તેને ટ્રિબ્યુનલ સમક્ષ પડકારી શકે છે, જેનો નિર્ણય અંતિમ હોય છે - કોઈ પણ વ્યક્તિ કોર્ટમાં જઈ શકતો નથી. વ્યાપક અતિક્રમણ પણ છે - લગભગ 60,000 વકફ મિલકતો પર અતિક્રમણ કરવામાં આવ્યું છે.

નવા ફેરફારોમાં એ સુનિશ્ચિત કરવામાં આવશે કે -

- વકફ ડીડ ફરજિયાત બનાવવામાં આવે. બધી મિલકતની વિગતો છ મહિનાની અંદર પોર્ટલ પર અપલોડ કરવી આવશ્યક છે. વકફ સુધારો અધિનિયમ 2025 પહેલા કે પછી વકફ ઘોષિત કોઈપણ સરકારી મિલકતને વકફ મિલકત ગણવામાં આવશે નહીં.
- કલેક્ટર કક્ષાના અધિકારી કાયદા મુજબ તપાસ કરશે કે વકફ મિલકત સરકારી મિલકત છે કે નહીં. આ બધું માલિકી અંગે સ્પષ્ટતા પ્રદાન કરશે અને બિનજરૂરી મુકદ્દમા ટાળશે.
- વકફની પ્રામાણિકતા સુનિશ્ચિત કરવા માટે ફક્ત ઓછામાં ઓછા પાંચ વર્ષથી ઇસ્લામનું પાલન કરનારી વ્યક્તિઓ જ વકફને મિલકત સમર્પિત કરી શકે છે. વ્યક્તિ કાયદેસર રીતે મિલકતની માલિકી ધરાવતી હોવી જોઈએ અને તેને સ્થળાંતરિત અથવા સમર્પિત કરવા માટે સક્ષમ હોવી જોઈએ. - કલમ 40, જે વકફ બોર્ડને કોઈપણ મિલકતને વકફ તરીકે જાહેર કરવાની મંજૂરી આપે છે, હવે વકફ બોર્ડની શક્તિને તર્કસંગત બનાવવા માટે અસ્તિત્વમાં રહેશે નહીં.આ ઉપરાંત, ટ્રિબ્યુનલના નિર્ણયો હવે અંતિમ રહેશે નહીં; 90 દિવસની અંદર હાઇકોર્ટમાં અપીલ દાખલ કરી શકાય છે. એક જિલ્લા કલેક્ટર નોંધણી અરજીઓની વાસ્તવિકતાની ચકાસણી કરશે. - સેન્ટ્રલ વકફ કાઉન્સિલ અને રાજ્ય વકફ બોર્ડમાં ઓછામાં ઓછી બે મુસ્લિમ મહિલાઓ હશે અને રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ વકફ બોર્ડમાં બોહરા અને અઘાખાની સમુદાયોમાંથી એક-એક સભ્ય હશે. પછાત વર્ગના મુસ્લિમો પણ બોર્ડનો ભાગ હશે, જેમાં બે બિન-મુસ્લિમ સભ્યો હશે.

પરંતુ, આનાથી ન તો ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડને સંતોષ થયો છે કે ન તો વિરોધ પક્ષોને, જેઓ કહે છે કે, કાયદો સાંપ્રદાયિક ઇરાદાઓથી લાવવામાં આવી રહ્યો છે. સરકારે નવા કાયદાનો બચાવ કર્યો છે અને કહ્યું છે કે કેટલાક લોકો મુસ્લિમોમાં ભય ફેલાવવાનો અને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે નવા કાયદાને પારદર્શિતા વધારવા, લિંગ સમાનતા સુનિશ્ચિત કરવા અને વકફ વહીવટને સુવ્યવસ્થિત કરવા માટે એક મહત્ત્વપૂર્ણ સુધારા તરીકે વર્ણવ્યો છે. નવો કાયદો એ પણ સુનિશ્ચિત કરશે કે વકફ મિલકતોની પર્યાપ્ત ક્ષમતાનો ઉપયોગ થાય, જેનાથી ગરીબો અને મહિલાઓને નોંધપાત્ર ફાયદો થાય. તે હોસ્પિટલો, શાળાઓ, કોલેજો અને અનાથાશ્રમ જેવી આવશ્યક સંસ્થાઓ પણ સ્થાપિત કરશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ફિંગર પ્રિન્ટ

શેખર ઐયર

સરકારનું કહેવું છે કે, વકફ મિલકતો પર ગેરવહીવટ, ભ્રષ્ટાચાર અને અતિક્રમણના લાંબા સમયથી ચાલતા મુદ્દાઓને ઉકેલવા માટે આ એક મહત્ત્વપૂર્ણ કાયદાકીય પગલું છે

બાળ વિકાસમાં શ્રેષ્ઠત્તમ સમય બની શકે છે, વેકેશન

અવારનવાર

ડો.નાનક ભટ્ટ

આવતા સમયનું પ્રતિબિંબ આજના બાળકમાં જોઈ શકાય છે ત્યારે જે માતાઓના ભૂતકાળ થકી બાળકના વર્તમાનનું સર્જન થયું છે તે જ વડીલો બાળકના ભવિષ્યના સર્જન માટે થોડી વધુ ખેવના રાખે તો સોનામાં સુગંધ ભળશે

ભણતરનો ભાર એટલો અસહ્ય થઈ પડ્યો છે કે વિદ્યાર્થીઓ પરીક્ષા દરમિયાન જ વેકેશનની છુટ્ટીનું આયોજન કરવા લાગે છે. પરીક્ષા પૂરી થતાં, બીજા-ત્રીજા દિવસે બાળકો મામાને ત્યાં, કોઈ કાકા-કાકીને ત્યાં તો કોઈ પપ્પા-મમ્મી સાથે ૧૨-૧૫ દિવસના પ્રવાસે ઉપડે છે,

પણ શહેરોમાં ઘર નાનાં, રસ્તા ઉપર વાહનોની અવર-જવર, બાગબગીચા કે રમવાનાં મેદાનો ભાગ્યે જ હોય અને હોય તે પણ ઘરથી દૂર. તેમાં, વળી ગરમી અને પાણીની ખેંચ. આથી બાળકોની મહેમાનગતિ પણ સંકોચાતી રહે તે સ્વાભાવિક છે અને પરીક્ષાનું પરિણામ આવતાં, સુધીમાં વેકેશનનો એક દૌર પૂરો થઇ જાય અને બાળકો પાછાં પોતાના ઘરે પહોંચી જાય.

વેકેશન આવતાં બાળકો સાવ નવરાં સવારથી ટી.વી., ટેઇપરેકોર્ડર, સતત કંઈક ખાધા-પીધા કરવાનું. બાળકો વચ્ચે નાની-મોટી તકરાર અને તેમાં અલપ-ઝલપ રમતો. વેકેશન આથી વિદ્યાર્થીઓને સાંજે હરવા-ફરવાનું મન થાય, પણ પુરુષવર્ગ નોકરી-ધંધામાં વ્યસ્ત, આથી રોજ કંઈ પ્રોગ્રામ બને નહીં અને છેવટે બાળકોને પૂરો સમય સાચવવાની જવાબદારી માતાઓ ઉપર આવી પડે છે. જાણે તેમની જ પરીક્ષા. વ્યવસાય કરતી સ્ત્રીઓ માટે બાળકોની રજા બોજારૂપ બને છે, તેમ ઘરકામ સાથે જોડાયેલ માતાઓ માટે વેકેશન આરામ ઝૂંટવી લેનાર બને છે. મોંઘવારી, પાણીની અછત, ગેસ અને વીજળીની ખોટ બહેનોને મૂંઝવે છે, તેમ ઘરમાં બાળકોની સતત હાજરી પણ સ્ત્રીઓને પરેશાન કરે છે.

આવી સ્થિતિ વચ્ચે વેકેશનનાં ૪૫-૫૦ દિવસ સંતાનોને સાચવવાં માટે તમારા ૭ થી ૧૫ વર્ષના બાળકોને જીવન શિક્ષણ સાથે સંકળાયેલ રોજની ૧-૨ તાલીમ તરીકે ૫૫ પ્રવૃત્તિઓ આપો અને પછી જુઓ ફરક! શાળાઓની રજા દરમ્યાન પણ બાળકોને જીવન શિક્ષણથી સજ્જ કરી શકાશે આવી પ્રવૃત્તિઓની યાદી જોઈએ તો કચરો વાળતાં, કઈ જગ્યાએ કયા પ્રકારની સાવરણીનો ઉપયોગ થાય? ક્યારે ઊભા રહીને અને ક્યારે બેસીને વળાય તે શીખે. પોતું કરતાં, પોતું કરવા માટે વપરાતું કપડું કેવું હોવું જોઈએ? તે જાણે. બાથરૂમ, સંડાસ, ખાળ, ગટર સાફ કરતાં ફિનાઈલ, સાબુનો ઉપયોગ ક્યારે થાય તે જાણે. પોતાનાં કપડાં ધોતાં આવડે, વાસણ સાફ કરતાં, ઑવન, રેફ્રિજરેટર, ટી.વી., ટેલિફોન, મોબાઈલ જેવા ઘર-વપરાશનાં સાદાં સાધનોનો ઉપયોગ કરતાં જાણે. ભાખરી શાક બનાવતાં જાણે. શાકભાજી, અનાજ, કરિયાણું ખરીદતાં, તેની કિંમત ગણતાં, ઈલેક્ટ્રિક સપ્લાયનો ફ્યૂઝ ઊડી ગયો હોય તો બાંધતા, બટન ટાંકતાં, કપડું ફાટ્યું હોય તો સાંધતાં, દીવાલમાં ચંપલમાં કે ફર્નિચરમાં ખીલી ઠોકતાં કે સ્ક્રૂ બેસાડતાં, ચોપડીને પૂઠું ચડાવતાં, ગુંદરથી કાગળ ચોંટાડતાં, સાચી રીતે સરનામું લખતાં, પડીકું વાળતાં, ફૂલોની માળા ગૂંથતાં, તૈયાર કરતાં શીખે, રંગીન દોરા અને સોયથી ભરતના ટાંકા લેતાં, પાણી ભરતાં, બસ અને રેલવે સમયપત્રક જોતાં શીખે, નકશો જોઈને સ્થાન શોધી કાઢવું, મોબાઈલ, કમ્પ્યુટરનો પ્રાથમિક ઉપયોગ જાણે, હિસાબ લખતાં, કોરા કાગળમાંથી નોટ બાંધતાં, ઘઉં, ચોખા, દાળ, વગેરેની જાતને ઓખળતાં શીખે. કઈ ઋતુમાં ક્યાં શાકભાજી હોય તેની માહિતી જાણે અને તાજાં શાકભાજી ખરીદતાં શીખે. ગુગલ મેપની મદદથી લખેલા સરનામાના સ્થળે પહોંચવું, પત્રોનો ઉત્તર લખવો, સુઘડ રીતે શેતરંજી પાથરતાં અને સૂવા માટે પથારી કરતાં. ઝાડ ઉપર ચડતાં, આસોપાલવનાં તોરણ બનાવતાં, પશુને ચારો ખવડાવતાં, બૂટપોલિશ કરતાં, પાણીમાં તરતાં, યોગ્ય રીતે પોતાનો પરિચય આપતાં, ફૂંડામાં કે જમીનમાં છોડ રોપીને ઉછેરતાં, બેગ-બિસ્તરામાં સામાન ગોઠવતાં, કોઈપણ વસ્તુનું જોખીને વજન કરતાં શીખે. કાપડ અથવા જમીન માપતાં શીખે, રસ્સી-રસ્સાથી વસ્તુ બાંધતાં, ચિત્રો કરતાં, રંગોળી પૂરતાં, સુંદર અક્ષરે લખતાં અને સૂરતાલમાં ગીત ગાતાં શીખે. નળમાંથી પાણી ટપકતું હોય તો તે વોશર બદલતા શીખે. પાનું, પકડ, ચીપિયો, હથોડી, સ્ક્રૂડ્રાઇવર, જૅક, કાતર, કુહાડી, ખુરપી વગેરે સાધનોને ઓળખતા અને તેમનો ઉપયોગ કરતાં જાણે. લાઠી, ચાકુ, ગિલોલ, તીરકામઠું વગેરેનો ઉપયોગ કરતાં, સૂર્ય નમસ્કાર કરતાં જાણે, દોરડાની મદદથી પર્વત પર ચઢાણ કરવું, પશુ સવારી કરવી, ગુલાંટ ખાવી, દોરડાં કૂવાં, સમૂહમાં ગીત સાથે અભિનય કરતાં આવડે, જમીનમાં ઝાડ-પાન રોપતા જાણે, અભ્યાસ અને અવલોકન નોંધ તૈયાર કરતાં, વડીલોને માન આપે. ૧૦ મિનિટ માટે શાંત ચિત્તે ધ્યાન કરવાની પદ્ધતિ શીખે. ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા રાખતાં જાણે.

મા-બાપ પોતાના બાળકનાં રસરુચિ, ઘરના વાતાવરણ અને ઉપલબ્ધ સાધનોની મર્યાદામાં આ યાદીમાં વધારો-ઘટાડો કરી શકે છે. બાળકને એક કાર્ડ ઉપર આ કૌશલ્યો લખવા અને ક્રમશઃ રોજ એકથી બે કૌશલ્ય પૂર્ણ કરવા જણાવો. થોડી તાલીમ અને થોડું પ્રોત્સાહન આપો. રાત્રિના ખાણા સમયે બાળકે પ્રાપ્ત કરેલ કૌશલ્યની ચર્ચા કરો અને નોકરી-ધંધાથી પરત આવેલા પપ્પાના હાથે પેન-પેન્સિલ, પિપરીંટ તેમ જ નાનો પુરસ્કાર આપો અને પછી જુઓ પરિવર્તન.

સર્જનશીલતાને પ્રાર્થના કહેનાર ઉપનિષદે કૌશલ્યમાં પૂજા નીરખી છે. ગીતામાં પણ પ્રવૃત્તિના કૌશલ્યને યોગ કહ્યો છે ત્યારે બાળકો સાથેના પ્રવૃત્તિ સાતત્યને જીવન શિક્ષણ તરીકે જોડવાની દૃષ્ટિ કેળવવાની જરૂરિયાત છે.

ભણતરના ભાર વિના રજાની મજા માણતાં બાળકોમાં કૌશલ્યના વિકાસથી તેઓને આત્મપ્રદર્શનની તક મળે છે. તેઓમાં વિશ્વાસ વધે છે. તેઓ સર્જનનો આનંદ માણી શકે છે અને શીખેલું જીવનપર્યન્ત યાદ રાખી ખપમાં લાવી શકે છે. શાળાકીય જીવનમાં બૌદ્ધિક વિકાસને પ્રાધાન્ય મળે છે, પણ શરીર અને મનની ભાવનાઓનો વિકાસ તો ગૃહતાલીમ દરમિયાન જ થાય છે. સાથોસાથ શિક્ષણનો મૂળ હેતુ સુદૃઢ બને છે. બાળક આવતી કાલનું ભવિષ્ય છે. આવતા સમયનું પ્રતિબિંબ આજના બાળકમાં જોઈ શકાય છે ત્યારે જે માતાઓના ભૂતકાળ થકી બાળકના વર્તમાનનું સર્જન થયું છે તે જ વડીલો બાળકના ભવિષ્યના સર્જન માટે થોડી વધુ ખેવના રાખે તો સોનામાં સુગંધ ભળશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

'વાંચે ગુજરાત' પણ કઈ રીતે?

અમદાવાદથી આવેલ સાહિત્યપ્રેમી એક સ્વજનને શહેરનાં વિવિધ સ્થળો પર લઈ ગયા બાદ આનંદમહલ રોડ પર અમદાવાદની જ એક પ્રકાશકની મોટી દુકાન બંધ જોઈ મને પ્રશ્ન કર્યો કે આ કેમ બંધ છે? મેં એને કહ્યું કે ત્રણ